‘અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક’ની કરાર આધારિત જગ્યાઓ માટેની પસંદગી પ્રક્રિયા તેમજ અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબત

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ ED/KEF/e-file/3/2025/0574/K,

સચિવાલય, ગાંધીનગર.

તા.ઇ-સાઇન મુજબ

02 JUN 2026

વંચાણે લીધા:

(૧) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦

(૨) શિક્ષણ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૫/૦૪/૨૦૨૫નો ‘અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક’ની વહીવટી મંજૂરી અંગેનો ઠરાવ (ક્ર. ED/KEF/e-file/3/2025/0574/K)

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રઃપીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭-ક – ‘જ્ઞાન સહાયક યોજના(પ્રાથમિક)’

(૪) નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.૦૧-૧૨-૨૦૨૫નો પત્ર ક્રમાંક : DPE/0903/11/2025, ફાઇલ ક્ર.: DPE/NITI/e-file/105/2025/2232/K-NITI

ઠરાવઃ-

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ (NEP)' ની ભલામણો મુજબ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આંતર શાખાકીય અને બહુ શાખાકીય કૌશલ્યોવાળા શિક્ષકો મળી રહે. વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાની વિચાર ક્ષમતા (Higher Order Thinking Skills) પ્રાપ્ત કરી શકે, તેમજ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ (Grade Appropriate Learning Outcomes) પ્રાપ્ત કરી શકે તે માટે ‘અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક’ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર વધુ સારૂ પ્રભુત્વ મેળવી શકે તેમજ પ્રાથમિક કક્ષાએથી જ વિદ્યાર્થીઓનો અંગ્રેજી ભાષા પરત્વેનોઓ પાયો મજબૂત થાય તે માટે પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજનાની જેમ જ અંગ્રેજી ભાષાના જાણકાર ‘અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક’ મુકવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

૧. યોજનાનું નામ :

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020' અને ‘મિશન સ્કૂલ્સ ઓફ એકસેલેન્સ’ના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુક્ત શિક્ષણના હેતુ માટે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર વધુ સારૂ પ્રભુત્વ મેળવી શકે તેમજ પ્રાથમિક કક્ષાએથી જ વિદ્યાર્થીઓનો અંગ્રેજી ભાષા પરત્વેનોઓ પાયો મજબૂત થાય તે અર્થે ક્રમાંકઃ(૩) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ અનુસાર જ અંગ્રેજી ભાષાના જાણકાર ‘અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક’ રહેશે.

૨. યોજનાના અમલીકરણ અધિકારી:

- આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર રહેશે.
- 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ની સેવાકીય વિગતો નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | ધારા ધોરણો |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત | અંગ્રેજી મુખ્ય વિષય સાથે સ્નાતક અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ટેટ-૨ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો |
| ૨ | ઉમેદવારની મહત્તમ વયમર્યાદા | ૪૮ વર્ષ |
| ૩ | મેરીટ યાદી તૈયાર કરવાની પધ્ધતિ | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ટેટ-૨ પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણના આધારે |
| ૪ | ઉચ્ચ માનદ વેતન(માસિક) | રૂા. ૨૧,૦૦૦/-(રૂ. એકવીસ હજાર) |
| ૫ | કરારનો સમયગાળો | અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયકની કામગીરીનો કરાર ૧૧ માસ(વેકેશનના સમયગાળા સિવાય)નો રહેશે. ૧૧ માસનો સમય પૂર્ણ થયેથી કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. |
| ૬ | કરાર કરવાની સત્તા | કરાર કરવાની સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની રહેશે |
| ૭ | કામકાજનો સમય | કરાર આધારિત અંગ્રેજી ભાષાના જ્ઞાન સહાયકે કામકાજના દિવસ દરમ્યાન શાળા સમય તેમજ જરૂર જણાયે શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત વધારાના સમયમાં શાળામાં રોકાઇ ઉપચારાત્મક શિક્ષણ, મૂલ્યાંકન, તાલીમ, સહ શૈક્ષણિક વગેરે પ્રવૃતિઓ તેમજ આચાર્યશ્રી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સોંપે તે તમામ કામગીરી કરવાની રહેશે. |

૩. માર્ગદર્શક સૂચનાઓ અને શરતો.

A. 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક'ની નિમણૂક માટેની જગ્યાઓ :

1. રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં દર વર્ષે ૩૧ જુલાઇની સ્થિતિએ મંજુર કરવામાં આવતા મહેકમ મુજબ ધો-૬ થી ૮ ની સરકારી **પ્રાથમિક શાળાઓમાં મંજુર મહેકમ સિવાય અગ્રેજી વિષય શિક્ષણ માટે** વધારાના જ્ઞાન સહાયક (અંગ્રેજી વિષય માટે) તરીકે ૧૧ માસના કરાર આધારિત 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' મુકવાના હોઇ **જે શાળાઓમાં ભાષા વિષય તરીકે અંગ્રેજી વિષયના શિક્ષક ન હોય તેવી શાળાઓની યાદી** જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલી આપવાની રહેશે.
2. નિયામકશ્રી-પ્રાથમિક શિક્ષણે જે શાળાઓમાં અંગ્રેજી વિષય માટે જ્ઞાન સહાયકની નિમણૂક કરવાની હોય તેવી શાળાઓની જિલ્લાવાર સંખ્યા સમગ્ર શિક્ષા કચેરીને મોકલી આપવાની રહેશે.

B. 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક'ને શાળામાં ફાળવણીની પ્રક્રિયા :

1. સમગ્ર શિક્ષા કચેરી-ગાંધીનગર દ્વારા નિયામકશ્રી-પ્રાથમિક શિક્ષણ પાસેથી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો-૬ થી ૮ ની શાળાઓ પૈકી જે શાળામાં અંગ્રેજી ભાષાના શિક્ષક ન હોય તેવી શાળાઓની જિલ્લાવાર સંખ્યાની વિગતો પોર્ટલ પર પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મંગાવવાની રહેશે:
   i. ધો-૬ થી ૮ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા લેવાયેલ માટે ટેટ-૨ પરીક્ષા ભાષા વિષયમાં ઉત્તીર્ણ થયેલ હોય અને સ્નાતક કક્ષાએ મુખ્ય વિષય અંગ્રેજી હોય તેવા ઉમેદવારો જ આ જગ્યાઓ માટે અરજી કરી શકશે
   ii. ઓનલાઇન અરજી કરતી વખતે જે જિલ્લામાં 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' તરીકે જવા માંગતા હોય તેવા એક જિલ્લાની પસંદગી આપવાની રહેશે.
   iii. ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી-ગાંધીનગર દ્વારા ઓનલાઇન પોર્ટલ પર અરજી કરનાર ઉમેદવારોએ ટેટ-૨ પરીક્ષામાં કુલ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ધો-૬ થી ૮ માં 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ની જિલ્લાવાર મેરીટ યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે.
2. સમગ્ર શિક્ષા- ગાંધીનગર દ્વારા પોર્ટલ પર પ્રસિધ્ધ કરેલ જિલ્લાવાર મેરીટ યાદી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.
3. સમગ્ર શિક્ષા કચેરી-ગાંધીનગર દ્વારા નિયત કરવામાં આવેલ તારીખે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ જિલ્લામાં ધો-૬ થી ૮ માં જે શાળામાં અંગ્રેજી વિષયના પ્રાથમિક શિક્ષક ઉપલબ્ધ નથી તેવી શાળાઓની યાદી **જેટલા ઉમેદવાર ફાળવવામાં આવ્યા હોય તેટલી જ શાળાઓની ધો-૬ થી ૮ ના વિધાર્થીઓની સંખ્યા મુજબ ઉતરતા ક્રમમાં યાદી બનાવી તે યાદી બોર્ડ પર દર્શાવી** બોર્ડ પર દર્શાવી જિલ્લાની મેરીટ યાદી મુજબના ઉમેદવારોને ક્રમાનુસાર શાળા પસંદગી કરાવવાની રહેશે.
4. ઉમેદવાર દ્વારા શાળા પસંદગી કર્યા બાદ ઉમેદવારને જે શાળા ફળવાયેલ હોય, તે શાળાની સંબંધિત 'શાળા વ્યવસ્થાપન સમિતિ'એ ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' તરીકે રાખવાના રહેશે.
5. પોર્ટલ પર દર્શાવવામાં આવેલ જિલ્લાવાર કુલ ખાલી જગ્યાઓ પર શાળા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મેરીટ યાદીના બાકી રહેલ ઉમેદવારોને પ્રતિક્ષા યાદીના ઉમેદવાર તરીકે ગણવાના રહેશે. અને શાળા પસંદગી કરનાર જ્ઞાન સહાયક હાજર નહી થાય તો પ્રતિક્ષા યાદી પરના મેરીટ ક્રમાનુસાર તેવી શાળામાં ફરીથી પસંદગી આપવાની રહેશે.
6. પોર્ટલ પર દર્શાવવામાં આવેલ કુલ ખાલી જગ્યાઓ પૈકી જે જિલ્લામાં પુરતા ઉમેદવાર ન મળે તેવી સ્થિતિમાં સમગ્ર શિક્ષા કચેરી- ગાંધીનગર દ્વારા સામાન્ય તબક્કા તરીકે નવેસરથી અરજીઓ મંગાવવાની રહેશે.
7. પ્રથમ તબક્કામાં જે તે જિલ્લાની પ્રતિક્ષા યાદીમાં રહેલ 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ઉમેદવાર સામાન્ય તબક્કામાં ફરીથી ભાગ લેવા માંગતા હોય તો સંબંધિત જિલ્લાની પ્રતિક્ષા યાદીમાંથી નામ કમી કરાવવાનું રહેશે તેમજ તે અંગેનું સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.
8. આવી ખાલી પડેલ જગ્યા પર પ્રતિક્ષા યાદી પૈકીના 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ને તક આપતાં પહેલાં શાળામાં અગ્રેજી વિષયના કાયમી પ્રાથમિક શિક્ષકની નિમણૂક કે નિયમિત શિક્ષક હાજર થવાથી અંગ્રેજી વિષયના

જ્ઞાન સહાયકને છુટા કરવામાં આવેલ હોય તો આવા છુટા કરવામાં આવેલ 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ને પ્રથમ તક આપવાની રહેશે. ત્યારબાદ પ્રતિક્ષા યાદીના જ્ઞાન સહાયકને તક આપવાની રહેશે.

C. જ્ઞાન સહાયકોના કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયા:

1. 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક'નો સામાન્ય રીતે ૧૧ માસનો કરાર કરવાનો રહેશે. આ કરાર 'શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) દ્વારા કરવાનો રહેશે.
2. કરારના અંતે કામગીરીનો સમીક્ષા(Review) કરવામા આવશે.સમીક્ષા કરવા માટેની 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) ના સદસ્યો ઉપરાંત જે તે ક્લસ્ટરના 'ક્લસ્ટર રીસોર્સ કો.ઓડીનેટર (સીઆરસી) પણ સભ્ય તરીકે રહેશે.
3. સમીક્ષાના અંતે જ્ઞાન સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે.
4. સંતોષકારક કામગીરી પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર મેળવી ઉમેદવાર નવેસરથી અરજી કરે તે સમયે તેઓ જે શાળામાં કાર્યરત હતા તે શાળામાં અગ્રતા આપવાની રહેશે.
5. જે 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ ત્યાર પછીના એક વર્ષ સુધી 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' માટે અરજી કરી શકશે નહી.
6. 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' તરીકે કરાર આધારિત નિમણૂક થયા બાદ સંતોષકારક કામગીરીનુ પ્રમાણપત્ર રજુ કર્યેથી ફરીવાર નવી જાહેરાતમાં ઓનલાઇન અરજી કરતી વખતે ઉંમરનો બાધ નડશે નહી.

D. જ્ઞાન સહાયકોના ઉચ્ચક માનદ્ વેતનની ચુકવણી:

1. જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિ સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળામાં ફાળવેલ જ્ઞાન સહાયક(અંગ્રેજી વિષયના) ને નિયત માનદ્ વેતન ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે.
2. આ માટે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર મારફતે ઉચ્ચક માનદ્ વેતનની Direct Bank Transfer થી ચૂકવણી કરવાની રહેશે.
3. શાળામાં અંગ્રેજી વિષયના કાયમી શિક્ષક હશે તેમ છતાં 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક'ને તે શાળામાં હાજર કરવામાં/ ચાલુ રાખવામાં આવશે તો તેની જવાબદારી જે તે સંબંધિત શાળાના કિસ્સામાં જે તે સંબંધિત શાળાના આચાર્યની રહેશે.
4. આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે.

E. અન્ય બાબત :

1. શિક્ષણ વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ જ્ઞાન સહાયક યોજનામાં જ્ઞાન સહાયકને જે માનદ વેતન ચુકવવામાં આવે છે તે મુજબનું માનદ વેતન ચુકવવા બાબતે રાજય સરકાર દ્વારા વખતોવખત જે નિર્ણય લેવામાં આવે તે લાગુ પડશે.
2. ઉચ્ચ પ્રાથમિક શાળામાં અંગ્રેજી વિષયના કાયમી શિક્ષક સીધી ભરતી કે બદલીથી શાળામાં ઉપલબ્ધ થાય ત્યાં સુધીના સમયગાળા માટે વચગાળાની આ વ્યવસ્થા હેઠળ કરાર આધારિત આવી સેવાઓ લેવામાં આવતી

હોઇ 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' તરીકે જોડાનાર ઉમેદવારનો સેવા વિષયક કોઇ પણ હક્કદાવો રહેશે નહી.

3. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે
4. ૧૧ માસનો કરારીય સમયગાળો પૂર્ણ થયા બાદ આવા 'અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક' ની જરૂરિયાત જણાય તો શાળા વ્યવસ્થાપન સમિતિના અભિપ્રાય મુજબ શાળાના મુખ્યશિક્ષક પુનઃ કરાર કરવા અંગે નિર્ણય કરી શકશે.

૪. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૭/૦૫/૨૦૨૬ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. વી. પટેલ )

નાયબ સચિવ(પ્રા.શિ.)

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર સેકટર નં. -૧૯, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓન લાઇન મુકવા સારૂં)
- સેકશન અધિકારીશ્રી, ક-૧, ચ, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૬
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬